અપીલ અરજી નં.૯૧ તા.૧૫–૭–૦૮

અરજદાર: શ્રી દિનેશકુમાર બાપુલાલ બ્રહમભટ્ટ
સામાવાળા:આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન

## હુકમ:–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિનેશકુમાર બાપુલાલ બ્રહમભટ્ટની તા.૨૭–૫–૦૮ ની અરજીથી વોર્ડ નં.૩ નોંધ નં.૬૪૮/૬૪૯/૬૫૦ વાળી મિલ્કત ઉપર ગેરકાયદેસર બાંધકામ અંગે શું પગલા લીધા તેની સંપુર્ણ વિગત બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૫–૭–'૦૮ ની અપીલ અરજી નં.૯૧/૨૦૦૮–૦૯

શ્રી દિનેશકુમાર બાપુલાલ બ્રહમભટ્ટની તા.૨૭–૫–૦૮ ની અરજીથી વોર્ડ નં.૩ નોંધ નં.૬૪૮/૬૪૯/૬૫૦ વાળી મિલ્કત ઉપર ગેરકાયદેસર બાંધકામ અંગે શું પગલા લીધા તેની સંપુર્ણ વિગત બાબતે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન/આ. ૩૩૯ તા.૨૬–૬–૦૮ થી આપેલ માહિતી આજદિન સુધી માંગ્યા મુજબની પાઠવવામાં આવેલ નથી તેવા કારણસર મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૧૯ તા.૧૮–૭–૦૮ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને આજ દિન સુધી અત્રેના વિભાગને કોઈ પુરક માહિતી કે વિગતો મળેલ નથી. પરંતુ તેઓ કક્ષાએથી અરજદારને પાઠવેલ માહિતી પત્રોની નકલો અત્રે મળેલ છે. જે અનુસાર અરજદાર તરફથી તા.૨૭–૫–૦૮ ની વોર્ડ નં.૩ ૬૪૮,૬૪૯,૬૫૦ વાળી મિલ્કતમાં ગેર કાયદેસર બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૭ થી માંગવામાં આવેલી માહિતી મુદ્દાસર રાઈટ ટુ ઈન્ફર્મેશન/સે.ઝોન/નં.૨૯૧ તા.૧૬–૬–૦૮ ના રોજ તથા માંગેલ માહિતી પૈકી સંમતિ પત્રની નકલ તા.૨૬–૬–૦૮ ના રોજ અરજદારને પૂરી પાડેલ છે. અરજદારે અપીલ અરજીમાં મુળ અરજીની માહિતી પૂરી પડાયેલ હોઈ જે અંગે અપીલ અરજીમાં કંઈ કરવાનું રહેતું નથી. પરંતુ અરજદારે તા.૨૬–૬–૦૮ ના માહિતી અધિકારીના જવાબમાંથી પૂરક પ્રશ્નો રૂ.૧૦,૦૦૦૦૦/–ની ડીપોઝીટ પેટે ભરાવી બાંધકામ દુર ન કરવાની જોગવાઈ છે, બાંહેધરી પત્રકમાં સમય મર્યાદાનો ઉલ્લેખ નથી,ગેરકાયદેસર બાંધકામ યથાવત છે,જાહેર જનતાના હિતોનું શું,અને જવાબ આપવામાં એક વર્ષની ગાળો નીકળી જાય તેનું મહત્વ ખરું તેવા પૂરક પ્રશ્નોની રજુઆત અપીલના તબકકે કરેલી છે. જેના સંબંધે કાયદેસરની કાર્યવાહી કરી જવાબ પાઠવવા અરજદાર જણાવે છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૭–૫–૦૮ ની અરજીમાં માંગ્યા મુજબની માહિતી મુદ્દા નં.૧ થી ૭ મુદ્દાસર જાહેર માહિતી અધિકારી તરફથી સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ છે. અરજદારની અપીલમાં કરેલી રજુઆતો મુળ અરજીના મુદ્દા બહારની અને જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૫ બાબતે પૂરી પાડેલી માહિતીના અનુસંધાને મુળ અરજીથી અલાયદી માંગેલ હોઈ અપીલના તબકકે તે અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. તેમ છતાં અરજદારની તેઓને કાર્યવાહી હાથ ધરવાને સ્પર્શતી બાબતને અનુલક્ષી અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૩૩૧ તા.૧૯–૭–૦૮ થી આસી.કમિશ્નરને સે.ઝોન ખાતે તે રવાના કરવામાં આવેલ છે. અરજદાર પૂરક માહિતી અંગે ઈચ્છુક હોય તો લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કાયદા અને નિયમો હેઠળ કરીને માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૮ –૦૮.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી દિનેશકુમાર બાપુલાલ બ્રહમભટ્ટ,